# પ્રેસનોટ – તા.૧૨/૦૬/૨૦૨૧

## ➪ ગુન્હાની હકીકતઃ-

અમરેલીમાં લાઠી રોડ ઉપર આવેલ ગુરૂદત્ત પેટ્રોલપંપના માલિક પાસે રૂ.દસ લાખની ખંડણી માંગી, ધમકી ભર્યો ફોન કરનાર છત્રપાલ વાળાની ઓડીયો ક્લીપ VTV ન્યુઝ ચેનલ તથા સોશિયલ મિડીયા પર વાઇરલ થઇ હતી.

ગુરૂદત્ત પેટ્રોલપંપના માલિક હિતેશકુમાર નવનીતલાલ આડતીયા ઉ.વ.૫૨, ધંધો.વેપાર, રહે.અમરેલી, માણેકપરા, વૈદરાજ મઢુલી સામે, શેરી નં.૦૯, “શ્રીજી કૃપા” તા.જિ.અમરેલી નાઓના મોબાઇલ ફોન નંબર ૯૯૨૫૦૦૮૦૨૮ ઉપર આરોપીએ ૭૨૬૫૦૯૩૩૦૨ નંબર ઉપરથી ફોન કરી, ‘‘અમરેલીથી છત્રપાલ વાળા, કાઠી દરબાર બોલુ છું.’’ તે રીતે પોતાની ઓળખ આપી, હિતેશકુમાર પાસે રૂપિયા દસ લાખ (રૂ.૧૦,૦૦,૦૦૦/-) ખંડણી પેટે તથા પ્રોટેક્શન અને સારી રીતે પેટ્રોલ પંપ ચલાવવા દેવા સારૂ માંગી, જો ખંડણી ન આપે, તો તેમના પરીવારને ફાયરીંગ કરી, જાનથી મારી નાખવાની, પેટ્રોલ પંપ ઉપર પણ ફાયરીંગ કરવાની ધમકીઓ આપી, ગાળો આપેલ હતી. આ ઓડીયો ક્લીપમાં આરોપીએ અમરેલી પોલીસ અધિક્ષક સાહેબના નામનો પણ ઉલ્લેખ કરેલ હતો.

ઉપરોક્ત વિડીયો ક્લીપ વાઇરલ થતાં, બનાવની ગંભીરતા સમજી, **અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ્ત રાય સાહેબ**નાઓએ ખંડણી માટે ફોન ઉપર ધમકી આપનાર આરોપી સામે ગુન્હો રજી. કરી, આરોપીને પકડી પાડી, તેની સામે ધોરણસર કાર્યવાહી કરવા અમરેલી પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હતું, જે અનુસંધાને હિતેશકુમાર નવનીતલાલ આડતીયાની ફરિયાદ નોંધી, આરોપી છત્રપાલ વાળા વિરૂધ્ધ **અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૧૦૬૩૦/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૮૪, ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨)** મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો અને ગુન્હાની તપાસ માટે મુખ્ય તપાસ અધિકારી શ્રી.જે.જે.ચૌધરી, પોલીસ ઇન્સ. અમરેલી સીટી પો.સ્ટે.ની આગેવાની હેઠળ ત્રણ પો.સ.ઇ.ની સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવેલ. ફોન ઉપર ખંડણીની માંગણી કરનાર આરોપીને પકડી પાડવા **અમરેલી એલ.સી.બી, એસ.ઓ.જી. તથા અમરેલી સીટી પો.સ્ટે.**ના અધિકારી/કર્મચારીઓની ટીમો બનાવી, સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતાં. પોતાની વિરૂધ્ધ ગુન્હો નોંધાયા બાદ આરોપી છત્રપાલ વાળા પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે ફરાર થઇ ગયેલ હતો.

ગઇ રાત્રે બાતમી અને ટેકનીકલ સોર્સની મદદથી એલ.સી.બી. ટીમ દ્વારા આરોપી છત્રપાલ વાળાને ગોંડલથી મોવીયા તરફ જવાના રસ્તેથી પકડી પાડવામાં આવેલ છે.

## ➪ પકડાયેલ આરોપીઃ-

છત્રપાલ ચંદ્રકિશોરભાઇ વાળા, ઉં.વ.૩૫, ધંધો.ટ્રાન્સપોર્ટનો, રહે.અમરેલી, સત્યનારાયણ સોસાયટી-૧, મકાન નં.૪૬, તા.જિ.અમરેલી.

## ➩ કબ્જે લીધેલ મુદ્દામાલઃ-

આરોપી પાસેથી મળી આવેલ નીચે જણાવેલ વિગતેનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે લીધેલ છે.

(૧) એક વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ સફેદ કલરનો ,એન્ડ્રોઇડ મોબાઇલ ફોન ,V2025 મોડલનો , કિ.રૂ.૧૦,૦૦૦ -/

(૨) **SKODA RAPID TDI** મોડલની ફોરવ્હીલ કાર, રજી .નંબર **GJ.06.FQ.0456** કિં.રૂ.૫,૦૦,૦૦૦ -/

## ➩ પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-

પકડાયેલ આરોપી છત્રપાલ ચંદ્રકિશોરભાઇ વાળા વિરૂધ્ધ છેલ્લા દસ વર્ષમાં અમરેલી જિલ્લામાં નીચે મુજબના ગુન્હાઓ નોંધાયેલ છે.

(૧) અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૩૨૦૧૪૮૦/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.

(૨) રાજુલા પો.સ્ટે. બી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૦૧૫૧૫/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૨૭૯ તથા એમ.વી.એક્ટ કલમ ૧૮૪, ૧૩૪ મુજબ.

(૩) રાજુલા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬૫/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૪૫૨, ૪૨૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.

(૪) અમરેલી સીટી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૦/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૪૮ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ.

(૫) મરીન પીપાવાવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૨/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૧), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ.

(૬) અમરેલી સીટી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૭૨/૨૦૧૦, ઇ.પી.કો. કલમ ૩૮૦, ૧૧૪ મુજબ.

પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પો.સ્ટે.માં સોંપી આપેલ છે. આ ગુન્હો કરવા પાછળનો ઇરાદો શું હતો, આ ગુન્હોમાં અન્ય કેટલા આરોપીઓ સંડોવાયેલ છે, આરોપી ગુન્હો બન્યા પછી ફરાર થઇ ગયેલ હોય, તેને ફરાર થવામાં કોણે મદદ કરેલ હતી, કોણે આશ્રય આપેલ હતો વિ. મુદ્દાઓ અંગે આરોપીની પુછપરછ હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષક સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ., પો.સ.ઇ. તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.